# ગઝલ–ભાવેશ

– ભાવેશ ભટ્ટ –

(૧)

ચીંતા કરવાની મેં છોડી,
જેવું પાણી એવી હોડી !

ટુકડા શોધું અજવાળાના,
કોણે મારી સવાર તોડી ?

ચોક્કસ ઘટના જેવો છું હું,
તું આવે છે વ્હેલી–મોડી.

બારી એવાં દૃશ્ય બતાવે,
ભીંતો કરતી દોડા–દોડી.

એક જનમની વાત નથી આ,
કાયમની છે માથાફોડી.

(૨)

એવા થાકીને ઘર આવ્યા,
પડછાયાને ચક્કર આવ્યા.

કેમ સમયજી ખુશ લાગો છો ?
કોને મારી ટક્કર આવ્યા ?

કૈંક લખ્યું જ્યાં તારા માટે,
આંસુ જેવા અક્ષર આવ્યા.

છેક નદીની વચ્ચે પહોંચ્યા,
આજ કીનારા વટ પર આવ્યા.

બસ દુનીયાનાં દ્વારે બેઠા,
બ્હાર ગયા ના અંદર આવ્યા.

(3)

છીદ્રવાળું વહાણ છે તો છે,
પાણીને એની જાણ છે તો છે.

એ ભલે ફૂલછાબ જેવો છે,
પણ ફૂલોથી અજાણ છે તો છે.

કામ બીજું હવે રહ્યું ક્યાં ?
શ્વાસની ખેંચતાણ છે તો છે.

હું દીવસને નથી મળ્યો ક્યારેય,
કોઈને ઓળખાણ છે તો છે.

જેવું જીવ્યા છીએ લખ્યું એવું,
સાવ નબળું લખાણ છે તો છે.

(૪)

સૌ મીલન ભડકે બળે તારા વગર,
તું મને કાયમ મળે તારા વગર.

મેં પછી આકાર લઈ લીધો હતો,
કોણ પાછું ઓગળે તારા વગર ?

તું નદી છે કે નથી કોને ખબર ?
તોય દરિયો ખળભળે  તારા વગર !

કોણ આ મારી ભીતરથી નીકળી ?
કોણ આ પાછું વળે તારા વગર ?

હું ન ગરજું ન વરસું કૈં જ નહી,
જીદ પકડી વાદળે તારા વગર !

(૫)

સૌ દીશા મળશે નવી જો તો ખરો,
આ હકીકત ગોઠવી જો તો ખરો.

કોઈ પ્રકરણ ક્યાંક સારું આવશે,
એક પાનું ફેરવી જો તો ખરો.

જીંદગીમાં એક અજવાળું થશે,
તું અતીતને ઓલવી જો તો ખરો.

હર જગા આકાશ જેવી લાગશે,
એક પીંછું સાચવી જો તો ખરો.

તું પછી ભગવાનગીરી નહીં કરે,
મારું જીવન ભોગવી જો તો ખરો.

(૬)

જીંદગીના શું ખુલાસા થઈ શકે ?
આપણાથી તો તમાશા થઈ શકે !

જે જગતની ખાસ વાતો હોય છે,
કોઈના માટે બગાસાં થઈ શકે.

એક ટીપું પણ કરી દે તરબતર,
એક દરીયાથી નીરાશા થઈ શકે !

માન કે ના માન પણ સાચું કહું,
આ નદી પર્વતની ભાષા થઈ શકે.

હું અને મારી ગઝલથી શું થાય ?
એકબીજાના દીલાસા થઈ શકે !

(૭)

થઈ રહ્યું છે શું કશું જાણે જ નહીં ?
તો પછી આવો ખુદા ચાલે જ નહીં !

મેં કહ્યું આકાશની સોબત ન કર,
પણ અગાશી વાતને માને જ નહીં.

વૃક્ષની હું વારતા વાંચું અને,
વારતામાં પંખી આવે જ નહીં.

જીંદગીભર એટલે તપતા રહ્યા,
છાંયડાને છાંયડો ફાવે જ નહીં.

(૮)

વૃક્ષના ફતવા તરત માની લીધા,
મેં બધાં પંખીને સમજાવી લીધાં.

રહી ગયું હોવાપણું બસ નામનું,
તે સૂરજમાંથી કીરણ કાઢી લીધાં.

બસ હવે પાછાં જવું છે ઘર તરફ,
બહુ પડીકાં દૃશ્યનાં વાળી લીધાં.

એ ઉઝરડાઓથી કંટાળી ગયો,
તો હવાના નખ બધા કાપી લીધા.

છાંયડા–તડકાને જ્યાં ભેગા કર્યા,
સૌ રહસ્યો શ્વાસનાં જાણી લીધાં.

(૯)

જાવ આકાશનું અખબાર લઈને આવો,
સૂર્યના કૈંક સમાચાર લઈને આવો.

આવડે છે એને બસ મારી નકલ કરવાનું,
આયનો કઈ સમજદાર લઈને આવો.

આ દીવાનું ગળું અંધારાં દબાવી દેશે,
વીજળીના કોઈ ઝબકાર લઈને આવો.

માંગવાની મને આદત છે, તો હું માંગુ છું,
કૈં જ ના હોય તો ધીક્કાર લઈને આવો.

મારી અંદર તો ઘણાં વૃક્ષ ઉગાડ્યાં છે મેં,
કોઈ ટહુકાનો પુરસ્કાર લઈને આવો.

## લઘુકાવ્યો

(૧)

ટીકીટ લીધા વગર,
એક માણસ
ટ્રેનના પાટા પર સુઈ ગયો,
ક્યાંનો ક્યાં પ્હોંચી ગયો..!

* * *

(૨)

કોઈ સારો કમ્પ્યુટર એન્જીનીયર
ધ્યાનમાં હોય તો કહેજો,
જેટલી વાર માણસ ડૉટકૉમ
ઍન્ટર કરું છું;
કમ્પ્યુટર હૅન્ગ થઈ જાય છે...!

* * *

(3)

રસ્તા પર બેવડ વળી ગયેલા
વૃક્ષને જોઈ બાળકે પુછ્યું,
‘કેમ અંગુઠા પકડીને ઉભું છે ?
તેં લેસન ન્હોતું કર્યું ?’

* * *

(૪)

બુટ–પૉલીશની થેલી
ખભે લટકાવી
રસ્તા પર ફરતા બાળકની
ખરબચડી નજરમાં
દરેક વસ્તુ ચમકતી હતી.

* ભાવેશ ભટ્ટ *

♦ કવીસંપર્કઃ બી–6, ચીત્રકુટ એપાર્ટમેન્ટસ–2, દેવાશીષ સ્કુલની સામે, બોડકદેવ
અમદાવાદ–380 054 ઈ–મેઈલઃ bhaveshbhatt000@rediffmail.com
મોબાઈલ – 92274 50244

કવીનો ગઝલસંગ્રહઃ **‘છે તો છે...’** (પ્રકાશકઃપોતે, વીતરકઃ નવભારત સાહીત્ય મંદીર, અમદાવાદ–380 001. પ્રથમ આવૃત્તી, મે–2008, કીંમત રુપીયા– 50)

(**‘સન્ડે ઈ–મહેફીલ’**ના આ **ગઝલ–અંક**ના અતીથી **સંપાદક** અને **સંકલનકાર** સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર** ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..... **ઉત્તમ ગજ્જર**..)

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ ચોથું – અંકઃ 163 – April 12, 2009**

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં સાભાર **અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com**

◆●◆

## કવીતા

‘મુશાયરો એ કવીતાનું બજાર છે. ત્યાં બહારથી ઉગેલો અને તૈયાર થઈ આવેલો માલ રજુ કરાય છે. તેની ત્યાં કદર થાય છે, પ્રશંસા થાય છે, કસોટી થાય છે. પણ ત્યાં તે માલ તો ઉગી શકતો જ નથી ! કવીતાનો જન્મ કઈ રીતે થાય છે એ સમજાવવું જરા મુશ્કેલ છે. પણ કઈ રીતે નથી થતો તે બહુ સ્પષ્ટ વાત છે. ઉચ્ચ કવીતા બહારની માગણીથી કદી જન્મતી નથી. અરે ! ખુદ કવીની પોતાની ઈચ્છાથી પણ તે જન્મતી નથી. જેણે કવીતાની પ્રેરણા ઝીલી હશે તેને માટે આ વાત સમજવી સહેલી છે. એ તો એનું અંતઃકરણ અથવા એની ગુઢ સર્જનશક્તી જ્યારે સળવળે છે, જાગે છે, ક્ષોભ પામે છે કે પ્રફુલ્લીત બને છે ત્યારે છલકાઈ પડે છે. સાચી કવીતા આવી રીતે લખાય છે.

–સુન્દરમ્

‘મુસ્લીમ ગુજરાત સાહીત્ય મંડળ’ દ્વારા ડભોઈમાં યોજાયેલા મુશાયરામાં પ્રમુખપદેથી.. સાભાર..